<u>ક્રિ.ઈન્ક.નં. ૨૬/૨૦૨૬</u>

<u>–: આંક–૧ નીચે હુકમ :–</u>

(૧) આ કામનાં ફરીયાદીએ આરોપી વિરુધ્ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮, ૧૪૨ મુજબની ફરીયાદ દાખલ કરતા ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેતા, આ કામનાં આરોપી અત્રેની અદાલતની હકુમતની બહાર વસવાટ કરતા હોય જેથી નામ. સુપ્રીમ કોર્ટનાં સુઓ મોટો રીટ પીટીશન નં. ૦૨/૨૦૨૦, તા. ૧૬/૦૪/૨૦૨૧ નાં કામે કરેલ હુકમ ધ્યાને લેતા, આરોપી વિરુધ્ધ પ્રોસેસ ઈસ્યુ કરતા પહેલા સદર કેસ ક્રિ.પો.કોડની કલમ–૨૦૨ મુજબ કોર્ટ ઈન્કવાયરીમાં રાખવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૨) ફરીયાદીની ફરીયાદ કોર્ટ ઈન્કવાયરીમાં રાખ્યા બાદ ફરીયાદી દવારા ઈન્કવાયરીનાં કામે **આંક–૦૩** થી ફરીયાદીનો પુરાવો રજુ રાખેલ છે. આ કામે ફરીયાદીએ કોર્ટ ઈન્કવાયરીનાં કામે રજુ રાખેલ પુરાવો તથા ફરીયાદની સાથે રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા, આરોપીની સહી વાળો ચેક ફરીયાદીએ બગસરા મુકામે આવેલ તેઓનાં બેન્કનાં ખાતામાં વટાવવા માટે નિયત સમય મર્યાદામાં રજુ કરવામાં આવતા તે ચેક **Fund Insufficient** કારણે પરત ફર્યાની માહીતી ફરીયાદીને મળ્યા બાદ ફરીયાદી દવારા ૩૦ દિવસની સમયમર્યાદામાં કાયદેસરની લેણી રકમની માંગણી કરતી લેખીત નોટીસ આરોપીને રજી.પો.એડી. મારફતે મોકલાવેલ છે. જે નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતા આરોપીએ ૧૫ દિવસની સમયમર્યાદામાં ફરીયાદીને ચેકમાં જણાવ્યા મુજબની લેણી રકમ ચુકવી આપેલ ન હોય જેથી ફરીયાદીએ અત્રેની અદાલતમાં હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

(૩) આમ ઉપરોકત હકીકતે આરોપીએ આપેલ ચેક ફરીયાદી દવારા અત્રેની અદાલતની હકુમતમાં આવેલ તેઓનાં બેંક ખાતામાં વટાવવા માટે નાખવામાં આવેલ હોય અને તે ચેક પરત ફર્યા બાદ સમયમર્યાદામાં આરોપીને રજી.પો.એડી. મારફતે નોટીસ મોકલાવતા તે નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતા આરોપીએ સમયમર્યાદામાં ચેકમાં જણાવ્યા મુજબની રકમ

ચુકવી ન આપતા ફરીયાદી દવારા નિયત સમયમર્યાદામાં અત્રેની અદાલતમાં હાલની ફરીયાદ દાખલ કરવામાં આવેલ હોય જેથી આરોપી વિરુધ્ધ નેગો. ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનાં પ્રોસેસ ઈસ્યુ કરવા ન્યાયોચીત જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

ફરીયાદીની ફરીયાદ ક્રિમીનલ રજીસ્ટરે લેવાનો હુકમ કરવામાં આવે છે તેમજ Indian Bank Association and others vs. Union of india & others reported in AIR 2014 Supreme Court 2528 નાં ચુકાદામાં આપેલ ગાઈડલાઈન ધ્યાને લઈ આરોપી વિરુધ્ધ નેગો. ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ આરોપી રૂા. ૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) નાં જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા સાથે હાજર રહે તેવા ધારા ધોરણસરનો મુદત તારીખ ૨૯/૦૭/૨૦૨૬ ના રોજનો સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

બગસરા
તા. ૨/૦૭/૨૦૨૬

(એન.એમ.ચૌહાણ)
જયુડી.મેજી.ફ.ક.,બગસરા.
Code : GJ-01647